સાલ : ૨૦ / સિલસિલાવાર નંબર : ૧૭૩ / શુમારો : ૫ — કુલ પાના - ૧૬

بسم الله الرحمن الرحيم

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. — રમઝાનુલ મોઅઝ્ઝમ - શવ્વાલુલ મુકર્રમ ૧૪૪૪ / એપ્રિલ - મે ૨૦૨૩

## હમારી દોઆ અને ઈલ્તેજા :
## શહરૂલ્લાહના બાબરકત અય્યામમાં મુમેનીનના બારગાહે સુબ્હાનીમાં ૧૦૦ સવાલાત

(૧) આ દાઅવત તારી દાઅવત છે અને તું તેનો મુહાફિઝ છે. તેની ઈઝ્ઝત બરકરાર રહે, તેનો હમેં સવાલ કરીએ છે.

(૨) આ દાઅવતનો દુશ્મન, એ તારો અને તારા અંબિયા-મુરસલીનનો દુશ્મન છે. એ તમામ ઈબ્લીસોની રૂસવાઈ, તબાહી અને હલાકતનો હમેં સવાલ કરીએ છે.

(૩) આલે મોહંમદ (સ.અ.) બાકી છે અને એમના દુશ્મનો ફાની છે, હમને બાકી રાખજે અને દુશ્મનાને હક્કને ફના કરજે.

(૪) હમારી ઔલાદમાં બરકત આપજે અને તારા હુજ્જત ઈમામુઝ્ઝમાન (અ.સ.) ને તાબેઅ થાનાર કરજે.

(૫) હમેં તારાથી રહેમત-કરમનો સવાલ કરીએ છે.

(૬) હમેં તારાથી મગફેરત-મુઆફીનો સવાલ કરીએ છે.

(૭) હમેં તારાથી જન્નતને હાસિલ કરવાનો અને જહન્નમથી છુટકારાનો સવાલ કરીએ છે.

(૮) અય સાતેરૂલ ઓયૂબ, હમેં ઐબદાર છે, તો હમારા આ ઐબોને હમેં ઢાંકવાનો સવાલ કરીએ છે.

(૯) અય કાશેફુલ કોરૂબ, હમારા નઝદીક હમ-ગમ ઘણા છે, તો હમેં તેને દૂર કરવાનો સવાલ કરીએ છે.

(૧૦) અય આલેમુલ ગોયૂબ, તું ગૈબનું ઈલ્મ રાખે છે, તો હમને ગૈબથી મદદ કરજે.

(૧૧) તારી નેઅમતો બેશુમાર છે. તેને કામિલ કરજે અને સુકૂન-બખ્શ બનાવજે. દીને ઈસ્લામની નેઅમતને હમારા વાસ્તે આમ કરજે.

(૧૨) નફસ-જાનની રોઝી હમારા વાસ્તે ઝિયાદહથી ઝિયાદહ એહમીયત રાખે છે. આ રોઝી વલાયતે ઈમામુઝ્ઝમાન (અ.સ.) છે. આ બાતિની નેઅમતથી હમને નવાઝજે.

(૧૩) તારી દાઅવતે હક્કનું દામન હમારા વાસ્તે સલામતીની જગા છે. હરમે આમિન છે. તું હમને તેમાં વસાવજે.

(૧૪) દુનિયા અને આખેરતમાં હમને ઈઝ્ઝત આપજે.

(૧૫) હર ઝલીલ કરનાર હસદનો શિકાર હોય છે. તું તે ઝલીલ કરનારને હસદની આગમાં બાલજે.

(૧૬) હમારા ઉપર તારા ઘણા અહેસાનાત છે અને મોટામાં મોટું અહેસાન કે, તુંએ હમને મુમેનીન માંથી કીધા. મુમેનીન એમના સાથે બુરાઈ કરનાર પર એહસાન કરે છે. તો હમેં તારાથી અહેસાન અને બુરાઈથી પનાહનો સવાલ કરીએ છે.

(૧૭) જહાનના કુલ ઊમૂર તારા તરફ રૂજૂઅ થાય છે. લેહાઝા, હમારા હર અમરમાં આસાની થાય અને કામિયાબી મિલે, તેનો હમેં સવાલ કરીએ છે.

(બકીયાહ પેજ નં. ૨ ૫૨)

**હમારો જમવાનો તરીકો કુલ્લી તૌર પર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની સુન્નતો પર બુનિયાદ રાખે છે.**

(પેજ નં. ૧ નું બાકી)

(૧૮) મુમિનને મૌત નથી. હમારો નફસ સાહિલે કુદસ પર ઠહેરે છે. તું હમારા નફસને કુદસનો લિબાસ પહેરાવજે.

(૧૯) મૌત એક નેઅમત છે. તું હમારા વાસ્તે મૌત ને આસાન કરજે.

(૨૦) ખૈરનો તોહફો તારા નઝદીક જન્નતનો છે. હમેં તે દરજા પર પહોંચવાનો તારાથી સવાલ કરીએ છે.

(૨૧) રહેમતના શહેરનો દરવાઝો રિઝવાન છે. રસૂલુલ્લાહ બાવાજીના મદીનતે ઈલ્મનો દરવાઝો આકા અલીયુલ મુરતઝા છે. આપ તરફ હમારો શિતાબીથી વુરૂદ થાય, તેનો સવાલ કરીએ છે.

(૨૨) તું હમને કૂવત આપજે. આ કૂવત ખુશી વાસ્તે હોય યા ગમી વાસ્તે હોય. બેવેને ઉચકવા વાસ્તે હમને પૂરી કૂવત આપજે.

(૨૩) હમારા જિસ્મના મુખ્તલિફ આઅઝા છે. તેની ઝિમ્મેદારીઓ છે. તેના દરજાત છે. અમલ મુજબ તેઓ વાસ્તે સવાબ છે. હમેં તેના ફરઝની અદાયેગી મુજબના અજરનો સવાલ કરીએ છે.

(૨૪) સખ્તાઈમાં સહેલાઈની કદર થાય છે. ઉસરતમાં સબર અને યુસરતમાં શુક્ર કરવાની તું હમને કુદરત આપજે.

(૨૫) દુનિયા અને આખેરતમાં આફીયત-શિફાનો સવાલ કરીએ છે. આ ઝમીન પર જિસ્મ પણ આફીયતમાં રહે અને મૌત બાદ જાન પણ આફીયતમાં રહે.

(૨૬) જિસ્મ બીમારીઓનું ઘર છે. કોઈનો ઈલાજ હોય છે તો કોઈ લાઈલાજ હોય છે. તમામ બીમારીઓથી શિફાનો સવાલ કરીએ છે.

(૨૭) ચોરી-ગબન-ગસબ કરનાર હર જગે છે. હમેં હર ચીઝની હિફાઝત વાસ્તે સવાલ કરીએ છે.

(૨૮) ઈબાદતનો દારોમદાર સેહત પર છે. હમેં તારાથી હર પલ સેહતમંદીનો સવાલ કરીએ છે.

(૨૯) હમારી ઝિંદગીમાં એવો મંઝર ના લાવજે કે, જેનાથી હમારા સબબ કોઈ બીજાને તકલીફ પહોંચે. હમારા કરાબતદારને હમારા વાસ્તે નૈકોકાર કરજે.

(૩૦) તાઝા ફલ જમવા તે ઈન્સાની ઝૌકો શૌક છે. તારા ઈલ્મો હિકમત ના ફલ, દુનિયાના તમામ લઝીઝ અને ઝાયેકેદાર ફલો કરતા બહેતર અને અફઝલ છે. હમેં તે ઈલ્મી ફલ જમવા વાસ્તે તુંને સવાલ કરીએ છે.

(૩૧) હલાલ જમવા અને પીવાનો તુંએ હુકમ ફરમાવો છે. તેમાં ગોશ્ત અને દૂધ તમામ કરતા તાકતવર છે. તું હમને હલાલ ચીઝો જમાડજે.

(૩૨) પાનીના સબબ જિસ્મમાં તરાવત-તાઝગી રહે છે. પાની થી જ હયાત છે, ઝિંદગી છે. આખેરતમાં હમેં તારાથી જામે કૌસર નૌશ કરવાનો સવાલ કરીએ છે.

(૩૩) હર ચીઝમાં તૌફીકો સઆદતનો સવાલ કરીએ છે.

(૩૪) શર, નહેસ અને બદી હમારાથી દૂર રહે અને હમારા નઝદીક તે મિટી જાય, તેના હમેં સવાલી છે.

(૩૫) ઈમામુઝઝમાન (અ.સ.) અને દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) નો સાયએ શફકત અને સબીલે હિદાયત હમારા નઝદીક કાઈમ રાખજે.

(૩૬) તારા કરમનો દરીયો હમારા વાસ્તે મૌજઝન રાખજે.

(૩૭) તારા હર હુકમ, ફરમાન, સહીફાઓ અને કિતાબો પર હમને ઈમાન રાખનાર કરજે. તારી આયતોને સુબ્હો મસા પઢવાનો હમેં સવાલ કરીએ છે.

(બકીયાહ પેજ નં. ૩ પર)

**જમણા હાથના પાઁચે આંગલાઓને મિલાવીને જમવું.**

(પેજ નં. ૨ નું બાકી)

(૩૮) હમારી ઝિંદગીના આખિર તક હમેં લયલતુલ કદરની ઈબાદતમાં તે રાતને ઝિંદા કરીએ અને યૌમે આશુરા હમેં માતમે મૌ.હુસૈન (અ.સ.) કરીને તે દિનને ઝિંદા કરીએ, એવી નૈક સમઝ અતા કરજે.

(૩૯) હમને તારા ફરિશ્તા પર ઈમાન રાખનાર કરજે.

(૪૦) યૌમે કેયામત જે વક્ત તું હમને કબરમાંથી ઉઠાવે તો હમારા ખભા પરથી ગુનાહોંના બોજને હટાવી દે જે.

(૪૧) રસૂલુલ્લાહ બાવાજી ની મેઅરાજ પર યકીન રાખનારા હમેં છે. આપની મેઅરાજના સબબ હમને ઈમાનના દરજા ચઢાવજે.

(૪૨) આલે મોહંમદ (સ.અ.) અને એમના દોઆતે કિરામ (રિ.અ.) ની મોહબ્બત, સીરત અને ખસાઈલથી હમારી ઝિંદગી આબાદ કરજે.

(૪૩) હર મુસલમાન વાસ્તે ઈલ્મ શીખવું ફરઝ છે. હમેં હમારી ઝિંદગીના આખિરી દિન તક ઈલ્મને હાસિલ કરતા રહીએ તેનો સવાલ કરીએ છે.

(૪૪) આ જહાનની હિદાયત વાસ્તે ૧ લાખ ૨૪ હઝાર અંબિયા-ઔસિયા-મુરસલીન પધારેલા છે. તે તમામ પર હમેં ઈમાન લાવીએ છે. તેઓની માઅરેફતનું નૂર હમારા દિલોમાં બાકી રહે તેનો હમેં સવાલ કરીએ છે.

(૪૫) અંબિયાની શરીઅતને સાચવવા સેંકડો ઈમામો પધારા છે. તેઓ માઅસૂમ હતા અને સાહેબે શફાઅત હતા. તેઓની વલાયત અને દામને ઈસ્મતમાં વસવાનો સવાલ કરીએ છે.

(૪૬) આ અઈમ્મતે માઅસૂમીને દુનિયાના હર જઝીરામાં દાઅવતે ફાતેમીયહની ખિદમત વાસ્તે દોઆત મોકલેલા છે. આ દોઆત ના હોત તો હિન્દની સરઝમીનમાં હમારો વુજૂદ ના હોત. આ તમામ દોઆતની ઉલ્ફત અને માઅરેફત નો હમેં તારાથી સવાલ કરીએ છે.

(૪૭) ૪૪ દોઆત માંથી ૧૨ સાહેબોના રૌઝહ મુનીરહ અને તુરબતે તાહેરહ વડોદરા શહેરમાં છે. આ શહેરમાં દાઅવતની શાન બલંદ છે અને તે સુકૂનો ઈત્મિનાનની જગા છે. આ શહેરમાં અમનો અમાન વાસ્તે હમેં તારી બારગાહમાં સવાલી છે.

(૪૮) હિન્દુસ્તાન અને ખાસ્સતન ગુજરાતમાં, મૌ.હુનૈદ (અ.સ.) અને મૌ.અહમદ (રિ.અ.) ની કોશિશે બાઅસરથી દાઅવતે હક્કનો આફતાબ તુલૂઅ થયો. હક્કની રોશનીથી આજે આ ઝમીન તાબિંદા છે. દોઆતે હક્કના સબબ મુમેનીન વાસ્તે ઈલ્મો હિકમતની નહેરો વહી રહી છે. આ મુલ્ક વાસ્તે અમ્નો અમાન અને તરક્કીનો હમેં સવાલ કરીએ છે.

(૪૯) હમારા સાથે રહેનારી હમારી ખૈરખ્વાહ મુખ્તલિફ કૌમો, ફિરકાઓ, જમાઅતો, મઝહબોના લોગો સાથેની હમારી મોહબ્બત બરકરાર રહે અને તેઓની આબાદી-બહેબૂદીનો હમેં સવાલ કરીએ છે.

(૫૦) હમારા બાવાજી, હમારા મીસાકના સાહેબ, હમારા ઈમાનના રઈસ, ૪૫ માં દાઈયુલ્લાહિલ અમીન હાતિમુલ ખૈરાત, રબીઉલ બરકાત સૈ. અબૂ સઈદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ની સેહત, આફીયત અને શિફાના હમેં તલબગાર છે. આપની ઉમ્ર દરાઝગી હમારા વાસ્તે નેઅમત છે. આપ હમારા વાસ્તે દોઆ કરતા રહો અને આપના સાયામાં હમેં ખુશહાલ રહીએ તેના હમેં સવાલી છે.

(૫૧) પાકી-તહારત દીનનું પહેલું પગથીયું છે. તે સિવાય ઈબાદત નકામી છે. કામિયાબી વાસ્તે હર તરહથી પાક રહેવું

(બકીયાહ પેજ નં. ૪ પર)

**નાના લુકમા લઈને જમવું.**

(પેજ નં. ૩ નું બાકી)

લાઝિમ છે, પછી તે ઝમીન પર હોય કે આસ્માન પર હોય. તું હમારા વાસ્તે હર ચીઝને પાક રાખજે. હર અમલ વાસ્તે પાકીઝગીથી અને તહારતથી વાબિસ્તા રાખજે.

(૫૨) નમાઝ દીનનું મૂઁહ છે. હમારા આઅમાલનો ચહેરો હમારી નમાઝથી ઓળખાશે. તું હમને નમાઝી કરજે. હમેં વક્ત પર પાબંદી સાથે પૂરા લેહાઝથી નમાઝ અદા કરીએ તેનો સવાલ કરીએ છે.

(૫૩) ઝકાત નમાઝ સાથે જોડાયેલી છે. કોઈ નમાઝ પઢે અને ઝકાત અદા ના કરે તો તેની નમાઝ અપાહીજ-બીમારીવાલી છે. હમને શહરૂલ્લાહમાં હમારા દાઈયુલ્લાહને હમારા ઉપર જે મુજબ ઝકાત અદા કરવાનું ફરમાન છે, તે મુજબ અદા કરીએ, તે રાહે રાસ્ત હમને બતાવજે.

(૫૪) શહરૂલ્લાહનો મહીનો ફરઝના રોઝાથી મશ્હૂર છે. આ રોઝા હરએક પર ફરઝ છે. તારા વાસ્તે હમેં રોઝા રાખીએ અને તારાથી જ હમેં તેના સવાબનો સવાલ કરીએ છે.

(૫૫) શહરૂલ્લાહ હોય અને અડધી રાતની નિસ્ફિલ્લૈલની નમાઝ ના હોય, તે મુમ્કિન નથી. હર મુમિન તહજ્જુદની નમાઝ પઢવાનો ઈન્તેઝાર કરે છે. હમારો આ અમર સહેલ થાય અને હમેં શૌકથી ઈબાદત કરવા રાતની ઊંઘને મુકી દઈએ તેનો સવાલ કરીએ છે.

(૫૬) હજ્જે બયતુલ્લાહ અને ઉમ્રહનો હમેં સવાલ કરીએ છે. મક્કતુલ મુકર્રમહ અને મદીનતુલ મુનવ્વરહના મકામાતે નૂરાનીયહ કે, જેમાં માઁ ફાતેમતુઝ્ઝહરા (અ.સ.), અઈમ્મતે તાહેરીન અને રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.) ની ઝિયારતે તાહેરહ શામિલ છે. હમારા પાસે દૌલત આવે તો પહેલામાં પહેલા હમેં હજ્જ તરફ કસ્દ કરીએ.

(૫૭) હજ્જ કીધા બાદ હમેં ઉમરહ મુફરદહનો સવાલ કરીએ છે.

(૫૮) નજફે અશરફમાં કે જે જગા પર મૌ.આદમ સફીયુલ્લાહ અને નૂહ નજીયુલ્લાહ (અ.સ.) ની કબરો છે, તેના દરમિયાન અમીરૂલ મુમેનીન મૌ.અલીયુલ મુરતઝા (અ.સ.) ની ઝિયારતનો સવાલ કરીએ છે.

(૫૯) કરબલાએ મુઅલ્લામાં સૈયેદુશ્શોહદા મૌ. ઈમામ હુસૈન (અ.સ.), આપના બિરાદર સક્કાએ સકીના મૌ.અબ્બાસ અલમદાર (અ.સ.) અને શોહદાએ કરબલાની ઝિયારતે મુકદ્દસાતનો સવાલ કરીએ છે.

(૬૦) અલ-કાહેરતુલ મોઈઝ્ઝીયહ યાઅની મિસિર, હમારી દૌલતે ફાતેમીયહનું મરકઝ રહ્યું છે. આલે હુસૈન (અ.સ.) ના ઈમામે હક્ક આ સલ્તનતના તખ્તો તાજ પર વરસો તક મિસ્લે કિન્દીલ જલ્વાઅફરોઝ રહ્યા છે. તે જગા રાસુલ હુસૈન, મૌલાતોના ઝયનબ અને અહલુલ બૈત (અ.સ.) ની ઝિયારતે મુનીરહનો સવાલ કરીએ છે.

(૬૧) દાઅવતે ફાતેમીયહ યમાનીયહના ખિદમતગુઝાર દોઆતે હક્ક અને આપના હુદૂદ-શોહદાની ઝિયારતે બાહેરહનો સવાલ કરીએ છે.

(૬૨) દાઅવતે હાદીયહ હિન્દીયહ કે જેનું મરકઝ ગુજરાત છે અને જેમાં અહમદાબાદ, વડોદરા અને સૂરત શહેરમાં ૨૦ દોઆતે અલવીયીન અકરમીનના મઝારાતે મુનવ્વરહ છે, તેઓના વસીલા અને ઝિયારતનો સવાલ કરીએ છે.

(૬૩) દુનિયામાં જેટલા ગોશાઓમાં, મુલ્કોમાં, અઈમ્મતે ફાતેમીયીન, અંબિયાએ કિરામ, દોઆતે એઝામના જૂના આસાર, મસ્જિદો, ઈમારતો, મકાનો, કિલ્લાઓ, મહેલો, રૌઝાઓ વગૈરહથી બરકાત હાસિલ કરવાનો અને તેમાં નમાઝ અદા કરવાનો સવાલ કરીએ છે.

(બકીયાહ પેજ નં. ૫૫૨)

**ઝમીન પર પગ વાલીને બેસીને જમવું.**

(પેજ નં. ૪ નું બાકી)

(૬૪) નૌનિહાલ બચ્ચાની તાઅલીમો તરબીયત પર જમાઅતનું મુસ્તકબિલ ઊભેલું છે. મદ્રસા, મસ્જિદ અને મઝાર સાથે તેઓની વાબિસ્તગી ઝરૂરી છે. વાલેદૈન પર ખૂબ મોટી ઝિમ્મેદારી છે. બચ્ચા વાસ્તે તહેઝીબો અદબનો સવાલ કરીએ છે.

(૬૫) મુમેનીનને કોઈ હમ-ગમ ના થાય, મજબૂરો બેબસ ના થાય, દુશ્મનોના મકરથી દૂર રહે, આરામો સુકૂન સાથે ઝિંદગી ગુઝારે તેનો સવાલ કરીએ છે.

(૬૬) માઁ હવ્વા, માઁ સાર્રહ, માઁ હાજરહ, માઁ મરીયમ, માઁ ખદીજહ, માઁ ફાતેમા, માઁ ઝયનબ, માઁ ઉમ્મે કુલસુમ (સ.અ.) ની સીરત, સૂરત, દીનદારી, પરહૈઝગારીના લિબાસ હમારા બૈરાઓને-મુમેનાતને પહેરાવજે.

(૬૭) દાઅવતે શરીફહની મહેફિલો મજલિસમાં હમેં જઈએ અને હમારા મુમેનીનની સોહબત હાસિલ કરીએ, તેનો સવાલ હમેં કરીએ છે.

(૬૮) હમેં જમાઅતના એક હિસ્સા છે. હમારા પર ફરઝ છે કે, હમેં તેના વાસ્તે કઈ કરીએ. હમારી દૌલત, હુશિયારી, રસાઈ, તાઅલીમ, તઅલ્લુકાતને કામે લગાડીએ. જમાઅતની ઈઝ્ઝતને ચાર ચાઁદ લગાડવા હમેં કોશિશ કરીએ તેનો સવાલ કરીએ છે.

(૬૯) હમેં અઝાબુલ કબ્ર અને વહેશતુલ કબ્રથી આઝાદી અને રાહતુલ કબ્રને તલબ કરવાનો સવાલ કરીએ છે.

(૭૦) મૈદાને હશ્રમાં હમારૂં મીઝાન-તરાઝૂ ખૈર-નૈકીથી વઝનદાર હોય અને શર-બદીથી હલકું હોય, તે વાસ્તે હમેં સવાલી છે.

(૭૧) રોઝી-રિઝકનો ઝામિન તું છે. હમારી દુકાનો, મકાનો, કારખાનામાં બરકત અને રહેમતની બારિશ વરસાવજે.

(૭૨) હમારી ઔલાદને જવાન કરજે. ઈબાદત ગુઝાર કરજે. મસ્જિદોને આબાદ કરનારી અને તેમાં નમાઝ અદા કરનારી કરજે.

(૭૩) હમને માઁ ફાતેમા (અ.સ.) ના બાબરકત થાલની નેઅમતો અતા કરજે. હમેં હર નેઅમતની શુરૂઆત "બિસ્મિલ્લાહ" થી કરીએ અને તેનો ઈખ્તેતામ "અલહમ્દો લિલ્લાહ" થી કરીએ, તે આદતે ખૈરના હમને કરજે.

(૭૪) હમારી ઔલાદની નિસ્બત-રિશ્તેદારી હમારી જમાઅતના જ દિકરા-દિકરી સાથે થાય. મરદ-બૈરો એક છતમાં જમાઅ થાય તો ઈમાનના સાયામાં જમાઅ થાય. બદ-અત્વાર અને બદ-અકીદાના લોગોથી હમારા જવાનોને બચાવજે.

(૭૫) હમને હમારા બચ્ચાંની શાદીની ખુશી બતાવજે. તેઓના ઘર આબાદ કરજે. ઔલાદની નેઅમત અતા કરજે. ઈમાની અને ઈસ્લામી શેઆરથી તેઓના ઘરોને મુઝય્યન કરજે.

(૭૬) જહાનમાં દીને ઈસ્લામની ઈઝ્ઝતને, પરચમને બલંદો બાલા કરજે. આ દીનના સબબ હર વક્ત તારા પૈગામે તૌહીદને ઝિંદા રાખજે.

(૭૭) હમેં હર વક્ત તારા અને તારા હુજ્જતની રઝાના તલબગાર છે. આ રઝાના સબબ જ હમને હલાલથી ફાયદો મિલનાર છે અને હરામના નુકસાનથી બચનાર છે.

(૭૮) તું હમને તકવાનો લિબાસ પહેરાવજે, સબરની અસા-લાકડી હમારા હાથમાં આપજે અને શુક્રના તાજથી હમારા માથાને ઝીનતદાર કરજે.

(બકીયાહ પેજ નં. ૬ પર)

**ઘરના લોગો સાથે એક થાલમાં જમાઅ થઈને જમવું.**

(પેજ નં. ૫ નું બાકી)

(૭૯) હમારા મુમેનીન-મુમેનાતને નિકાહના પાક રિશ્તાથી વાબિસ્તા રાખજે. સિફાહ યા ઝિનાની બદીથી હમને બચાવજે.

(૮૦) દારૂની નાપાકી, જૂવો-સટ્ટાની શયતાનીયતથી, બુતપરસ્તીની બદીથી, શરતો લગાવવાની ખરાબીથી, હરામનો-સૂવરનો ગોશ્ત ખાવાથી, મરેલી મચ્છી જમવાથી હમને દૂર રાખજે.

(૮૧) અગર હમારા માથા પર કરઝ હોય, દૈન હોય તો તે દૈનદારીથી હમને જલ્દ છુટકારો અતા કરજે.

(૮૨) હમારા મકાન તંગ હોય તો તે કુશાદા થાય અને પોતાના ઘરનો ઈન્તેઝામ થાય તેનો હમેં સવાલ કરીએ છે.

(૮૩) હમારા પડોશી નૈક હોય અને હમને હર તરહથી નુસ્રત કરે, મોહબ્બત રાખે, હિફાઝત કરે, તે વાસ્તે હમેં સવાલી છે.

(૮૪) હમારા મુલાઝિમોને, નોકરોને, ખાદિમોને હમારા ખિદમતગુઝાર, અમાનતદાર અને વફાદાર બનાવજે.

(૮૫) હમને વતનમાં રોઝી ઈનાયત કરજે. તેને સહેલ કરજે અને તેમાંથી સખાવત, સદકાત અને વાજેબાત અદા થાય, રોઝી બાબરકત થાય અને તેનાથી હમને ઈત્મિનાન થાય, કનાઅત થાય, તેનો સવાલ કરીએ છે.

(૮૬) હર ઐબથી, કુસૂરથી, ગુસ્સાથી, તકબ્બુરીથી, હસદથી, હિર્સથી, ગીબતથી, ગાલીગલોચથી, બદખયાલીથી, બદસુલૂકીથી, ઈલ્ઝામથી હમેં બરી રહીએ તેનો સવાલ કરીએ છે.

(૮૭) પૂરા આલમમાં જે જે મુલ્કો દરમિયાન જંગ-જિદાલ, ખુનામરકી, ઝુલ્મ ચાલી રહ્યો છે તે વાસ્તે હમેં સુલ્હ, સુકૂન અને લોગોના અમ્નો અમાનનો સવાલ કરીએ છે.

(૮૮) હમારાથી આફાત, બલીયાત, મુહિમ્માત, મુલિમ્માત, ખુરાફાત, ઈઝા, તકાલીફ, કલક, બેચૈની દફઅ થાય તે વાસ્તે ઈલ્તિજા કરીએ છે.

(૮૯) હમેં મુમેનીન વાસ્તે સખાવત કરીએ, કરઝન હસનન આપીએ, માલી તઆવુન કરીએ, ઝરૂરતમંદોની બહેતરી વાસ્તે હમેં કોશિશ કરીએ, બીમારને દવા અને બેસહારાને આસરો આપીએ, પસ્તહાલ હુશિયાર બચ્ચાંની તાઅલીમ વાસ્તે માલી બંદોબસ્ત કરીએ તેનો સવાલ કરીએ છે.

(૯૦) યતીમો અને બેવા બૈરોને યારી દઈએ અને તેઓની હરચંદ મદદ કરીએ, તે વાસ્તે તું હમને નૈક સમઝ અતા કરજે.

(૯૧) હમારા જિસ્મના હર આઅઝાથી ભલાઇ કરાવજે અને હમને ફત્હે મુબીન અને નસ્ર અઝીઝના ઝૈવરથી નવાઝજે.

(૯૨) હમાર નઝદીક કોઈ ડર હોય તો તે તારા અઝાબનો ડર હોય. તું હમને જહન્નમની આગમાં મુબ્તેલા ના કરજે.

(૯૩) ઈમામુઝઝમાન (અ.સ.) અને આપના નાઈબ દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ના મીસાક પર હમને કાઈમ રાખજે. "નઅમ" ના લફઝને વફા કરાવજે.

(૯૪) ઝિક્રે આકા હુસૈન અને માતમે હુસૈન (અ.સ.) થી હમારી ઝિંદગીને ભરી દેજે. તેની બરકાત હમારા દિન-રાતમાં ઉતારજે. આપના ગમમાં રોઈને હમને જન્નતમાં વસાવજે. મોહર્રમુલ હરામના મહીનામાં આપની ઝિક્રની નેઅમત હમારા વાસ્તે ખાસ કરજે.


(૯૫) હમને મૌત આવે તો હમેં પંજતને પાક, અઈમ્મતે તાહેરીન અને દોઆત (સ.અ.) ના નૂરાની દીદારથી શરફયાબ થઈએ તેનો સવાલ કરીએ છે.

(૯૬) આ દુનિયાના તમામ લોગો તારી રોઝીને તલબ કરે છે. તે તમામ તારા બંદાઓ છે. તેઓ સાથે હમેં ખુશતઅલ્લુક રાખીએ, તેની અરઝ કરીએ છે.

(બકીયાહ પેજ નં. ૭ પર)

**આહિસ્તા-આહિસ્તા બરાબર ચાવીને જમવું.**

## લફ્ઝી કશ-મ-કશ




**✹ ઉભી તરકીબ :**

૧) મખ્લૂકને નઝદીક ફરીયાદ કરવી ઝાયેઅ છે, કોઇ ------- મિલશે નહીં. મગર ખાલિકના નઝદીક દોઆ કરવી કારગર સાબિત થાશે. (૨)

૨) દિલનું સુકૂન અને ------, દૌલતથી નહીં મગર ખિદમતથી હાસિલ થાય છે. (૩)

૩) નિકાહના ખુત્બા સાથે જોડાયેલી હર ચીઝ શરીઅત છે, મગર શાદીને લગતી ઘરેલું ચીઝો ------ છે. (૩)

૭) વ----- બિલ્લાહે નસીરા. (૨)

**✹ આડી તરકીબ :**


૨) લયલતુલ ------ તે રાત છે કે, જે એક હઝાર મહીનાની ઈબાદત કરતા અફઝલ છે. (૩)

૪) ----- અમલથી નફસ કાલી થાય છે અને ભલા અમલથી નફસ નૂરાની થાય છે. (૨)

૫) ----- અને મરવહ એવી ટેકરીઓ છે કે, જેના ઉપર દોઆ કરવી હર અહેરામવાલા પર વાજિબ છે. (૨)

૬) ----- કરવું યાઅની કે લિખવું, દરજ કરવું યા કાગઝ પર કોઇ યાદી બનાવવું. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**




**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શવ્વાલુલ મુકર્રમ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહ:** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફ્ઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અક્સર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✭

(પેજ નં. ૬ નું બાકી)

(૯૭) હિન્દુસ્તાનથી દૂર હમારા જવાનો મુખ્તલિફ મુલ્કોમાં રેહાઈશ રાખે છે. તે તમામને બેવતનીમાં વતનનો મઝા આપજે. તેઓને આબાદો શાદ રાખજે. તેઓની તકલીફોને દૂર કરજે અને હર કામને આસાન કરજે. તેઓ દરમિયાન હમારી અલવીયતની અસલીયતને બરકરાર રાખજે, કાઈમ રાખજે.

(૯૮) જાદૂ, મકર, ફરૈબ, બનાવટ, ધોકાથી હમારા મુમેનીનની હિફાઝત કરજે.

(૯૯) દાઅવતે હક્કના સબબ હમેં છે. પહેલા દાઅવત છે અને તેનાથી જમાઅત છે. દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) થી આ દુનિયામાં હમારો વુજૂદ અને પહેચાન છે. આ તારી દાઅવત પર હમેં જાનો માલ ફિદા કરીએ, તેનો સવાલ કરીએ છે.

(૧૦૦)દોઆ મુમિનનું હથિયાર છે. દોઆના સબબ હમેં તારા સાથે ગુફતગૂ કરી શકીએ છે. તું હમારી દોઆને સાંભલનાર છે. યા સમીઅદોઆ, હમારી કાચી, કાસિર, નાકિસ ઝબાનથી જે દોઆ થઈ હોય, તેને તું તારી બારગાહમાં કુબૂલો મુસ્તજાબ કરજે, તેવી આ મખ્લૂકે માયૂસ તારાથી ઉમ્મીદ રાખે છે. ✭

**નમક ચાખીને બિસ્મિલ્લાહ બોલીને જમવું.**

## શહાદતે મૌ.અલીયુલ મુરતઝા (અ.સ.)

ઝાહિર અલી કી ઝાત સે હે કુદરતે ખુદા,
બાઝૂએ મુસ્તફા હે દરે રહેમતે ખુદા,
યાઅસૂબે દીં, અમીરે અરબ, ચહેરએ ખુદા,
શૈરે ખુદા પેં ખત્મ હુઇ તાઅતે ખુદા,
કીમત ન દે સકા કોઇ ઈસ કી હિજાઝ મેં,
સાઈલ કો બખ્શ દી વો અંગૂઠી નમાઝ મેં.
હે વો કલીમ અરશે બરીં જિસકા તૂર હે,
ખુરશૈદે દીં હે, ઐમને ઈમાઁ કા નૂર હે,
હર સિમ્ત ઝાતે પાક કા ઉસ સે ઝુહૂર હે,
જો હે અલી સે દૂર વો રહેમત સે દૂર હે,
હે રાસ્ત પર વો હી જિસે હૈદર સે રાહ હે,
હુબ્બે અલી ન હો તો ઈબાદત ગુનાહ હે.
થા ફઝલે હક્ક સે મઝહરે એજાઝ નૈકનામ,
ખુરશૈદ સાત બાર હુવા ઉન સે હમકલામ,
જો સુબ્હ સે ઝમીં પે ગુઝરતા થા તાબા શામ,
કહેતી થી બૂતુરાબ સે શબ કો ખબર તમામ,
એજાઝે ઈસવી કો ઈસ બાર દિખાયા,
થા યે અસર ઝબાઁ મેં મરે કો ઉઠા દિયા.
જબ અહલે બૈત સામને ખાને કો લાતે થે,
લઝ્ઝત કે ખાને શૈરે ખુદા કો ન ભાતે થે,
એક કુર્સ નાને જવ સે ઝિયાદહ ન ખાતે થે,
કરતા કોઈ જો ઝિદ્દ તો યે રો કર સુનાતે થે,
ઈસ ખૌફ સે હે દિલ મેરા બેતાબ સીને મેં,
મૈં ખાઉં ઔર હો કોઇ ભુખા મદીને મેં.
પોશાક થી ન ઔર બજુઝ કોહના પૈરહન,
સો વો ભી ઈસ લીએ થા કે હોગા વો હી કફન,
ઢાંપા ન કભી રેશમી કપડોં સે થા બદન,
યા ઈન્તેઝારે મર્ગ થા યા ખૌફે ઝુલમેનન,
જબ ખાનએ ખુદા મેં ઈબાદત કો જાતે થે,
માનિંદ ખૌફે હશ્ર બદન થરથરાતે થે.
અય મુમિનોં ! શુજાઅતે હૈદર કા થા યે હાલ,
કામિલ થા સબરો શુક્ર મેં વો શાને બાકમાલ,
દુનિયા સે જબ કે ઉઠ ગયે મહેબૂબે ઝુલ જલાલ,
આઝાર મુરતઝા કો લગે દેને બદ ખિસાલ,
ક્યા ક્યા ન શૈરે હક્ક પે મુસીબત ગુઝર ગઇ,
આઅદા કે ઝુલ્મો જોર સે ઝહરા ભી મર ગઇ.
ઈસ પર ભી ઝાલિમોંને ન ખીંચા સિતમ સે હાથ,
ગુઝરી મહે સિયામ કી ઉન્નીસવીં જો રાત,
મસ્જિદ મેં મુરતઝા ગયે ઘર સે પએ સલાત,
કત્લે અલી કી ઘાટ મેં થા એક બદ સિફાત,
પાયા જો મહેવે બંદગીએ બેનિયાઝ મેં,
તલવારે ઝોરદાર કો મારી નમાઝ મેં.
અબ પીટને કી જા હે ગુલામાને મુરતઝા,
આકા કે ગોશે દિલ સે મુસીબત સુનો ઝરા,
ઐસા કરીમ, ઐસા સખી, ઐસા પૈશવા,
બેજુર્મ હક્ક કે સદકે મેં મજરૂહ હો ગયા,
ફુરસત ન દી નમાઝ કી ઈસ રૌઝાદાર કો,
નહેલા દિયા લહૂ મેં શહે ઝુલફિકાર કો.
સજદે મેં શૈરે હક્ક કા દો-પારા હુવા જો સર,
એક બાર કાંપને લગે મસ્જિદ કે બામો દર,
ઉબલા લહૂ કે હો ગઇ મહેરાબ ખૂઁ સે તર,
એક ઝલઝલા સા બસ હુવા નાઝિલ ઝમીન પર,
ગરદૂં પે જિબરઈલ પુકારા ગઝબ હુવા,
સજદે મેં હક્ક કે કત્લ અમીરે અરબ હુવા.
પહોંચી જો ગૌશે હઝરતે ઝયનબ મેં યે સદા,
રોકર જનાબે શબ્બરો શબ્બીર સે કહા,
(બકીયાહ પેજ નં. ૯ પર)

**મોઅતદલ ગરમ કીધેલું જમવું.**

(પેજ નં. ૮ નું બાકી)

જાઓ ખુદા કે વાસ્તે મસ્જિદ મેં તુમ ઝરા,
કહેતા હે કોઈ કત્લ હુવા શાહે લાફતા,
કિસને કિયા શહીદ રઈસે હિજાઝ કો,
બાબા અભી તો ઘર સે ગએ થે નમાઝ કો.
યે સુનકે દૌડે જાનિબે મસ્જિદ હસન-હુસૈન,
દેખા કે રો રહેં હૈં નમાઝી બ-શૌરો શૈન,
ઔર ખૂઁ મેં અપને લોટતેં હૈં શાહે મશરેકૈન,
સર અપના પીટને લગે ઝહરા કે નૂરે ઐન,
ગમ સે કલેજે દોનોં કે સીનોં મેં ફટ ગયે,
ચિલ્લાકે હાય બાબા કહા ઔર લિપટ ગયે.
ફરિયાદ હે કે ખાનએ ઝહરા હુવા તબાહ,
ઝખ્મી કિયા વસીએ મોહંમદ કો બેગુનાહ,
યે કહેકે લાએ રોતે હુએ તાબા ખ્વાબગાહ,
હઝરત કી આઁખેં બંદથીં કરતે થે આહ આહ,
ખૂઁ સે અબાથી સુર્ખ જરાહત મેં દર્દ થા,
માનિંદે ઝાઅફરાઁ રૂખે પુરનૂર ઝર્દ થા.
એક બાર ગશ સે ચોંક કે બેટોં સે યે કહા,
બગલોં મેં હાથ દે કે ઉઠાઓ મુઝે ઝરા,
આએં હૈં મુઝે લેને કો જન્નત સે મુસ્તફા,
યે બાત કેહકે ગશ હુએ ફિર શાહે લાફતા,
કુછ રાત બાકી થી કે જહાઁ સે ગુઝર ગયે,
ગુલ પડ ગયા કે, હયદરે કર્રાર મર ગયે.
બસ આગે અય અનીસ નહીં તાકતે રકમ,
હે અશ્કરૈઝ સફહએ કિરતાસ પર કલમ,
તારી હે શીઅયાને અલી પર હુજૂમે ગમ,
કર તું દોઆ યે હક્ક સે કે જબ તક હે દમ મેં દમ,
જારી ઝબાન પર ન કોઈ ઔર હર્ફ હો,
મદ્દાહીએ અલી મેં મેરી ઉમ્ર સર્ફ હો. ✫

## કસીદહ મુનીરહ
## સૈ. જીવાભાઈ ફખરૂદ્દીન સાહેબ(આ.કુ.)
**તારીખે ઉર્સ મુબારક : ૨૦ શવ્વાલ**

ક્યા કરેગા કોઈ ઝાકિર મદહખ્વાની આપકી,
કુદસીયોં કે દિલ મેં હે જબ કદ્રદાની આપકી.
શાને મૌલા ફખરૂદીં હો ગર કિસી કો દેખના,
દેખીએ પહેલે કિતાબે ઝિંદગાની આપકી.
હાઁ ! અગર ચશ્મે અકીદત હી યહાઁ દરકાર હે,
નૂરે ઈમાની હે શમ્એ રહેનુમાઈ આપકી.
બારિશે અન્વાર ક્યૂંકર હો ન બુસ્તાનુસ્સવાબ,
હે યહાઁ તુરબત બની જન્નત-મકાની આપકી.
તાકેયામત હે ઝમાને મેં યે કાઈમ યાદગાર,
હે ઝમાને મેં યે શોહરત જાવેદાની આપકી.
રૌઝે રૌશન કી તરહ રૌશન હે હઝરત કી હયાત,
કારનામે કર રહેં હૈં તરજુમાની આપકી.
ઈસ મઝારે પાક મેં અબ લગ રહેં હૈં ચાર ચાઁદ,
આયતેં અબ કર રહી હૈં મદહખ્વાની આપકી.
આપકે મુમિન કો છૂ સકતા નહીં રંજો મલાલ,
અરશે આઅઝમ કી હદો તક હે રસાઈ આપકી.
યે હકીકત હે ઉસી પર મહેરબાઁ હોતા હે રબ,
હોવે જિસ પર મેરે આકા મહેરબાની આપકી.
હોગા વો માયૂસ જો ગૈરોં કે દર પર જાએગા,
શોહરએ આફાક હે મુશ્કિલકુશાઈ આપકી.
અઝમતે મૌલા ઝકીયુદ્દીન ઔર માઝૂને દીન,
શાન અલવી કૌમ કી હે ખાનદાની આપકી.
હક્કતઆલાને હે બખ્શા આપકો મુલ્કે અઝીમ,
ખાદિમે અન્વર કો હાસિલ હો ગદાઈ આપકી. ✫

**માથું ઢાંકીને, ટોપી-ઓઢણી પહેરીને જમવું.**

## હાતિમી કલમ અને અલવી ઈલ્મ કિસ્ત - ૪

યમનના તીસરા દાઈએ મુત્લક સૈ.હાતિમ સાહેબ (આ.કુ.) આપની કિતાબ "અલ-મજાલિસુલ હાતિમીયહ" માં મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) અને અબ્દુલ્લાહ બિન સલામ યહૂદીના ગિરોહ સાથે સવાલ-જવાબની ઝિક્ર ફરમાવે છે. ગઈ બે કિસ્તમાં ૪ સવાલોની બયાની થઈ ચુકી છે કે, જેમાં અબ્દુલ્લાહએ મૌ.અલી (અ.સ.) ને પૂછ્યું હતું કે, (૧) આસ્માનો અને ઝમીન કરતા કઈ ચીઝ ઝિયાદહ મોટી-અઝીમ છે ? (૨) દરીયા કરતા કઈ ચીઝ ઝિયાદહ ગની છે, ખઝાનેદાર છે ? (૩) કઈ ચીઝ પત્થર કરતા ઝિયાદહ સખ્ત છે ? (૪) આગ કરતા કઈ ચીઝ ઝિયાદહ ગરમ છે ? (૫) કઈ ચીઝ હવા કરતા તૈઝ રફતારથી ચાલે છે ? (૬) કઈ એવી ચીઝ છે જે ફક્ત બંદા વાસ્તે છે અને અલ્લાહતઆલા વાસ્તે નથી ? આપે આ સવાલોના જવાબમાં ઈલ્મના ગૌહર-જૌહર નશર કીધા.

આ ચોથી કિસ્તમાં બીજો એક સવાલ પૈશ કરવામાં આવે છે. અબ્દુલ્લાહ મૌ.અલીને પૂછે છે કે, **" અય અલી ! આપ મને ખબર કરો તે ચીઝની કે જે ફક્ત અલ્લાહતઆલા વાસ્તે છે અને બંદા વાસ્તે નથી ? "** આપે જવાબમાં ફરમાવું કે, "તે ચીઝ તમારી રૂહ છે અને તમેં અલ્લાહના બંદા છો અને અલ્લાહ તમારા મૌલા છે. માલિક છે."

તમેં પહેલા ન્હોતા પછી વુજૂદમાં આવા. તમારૂં જિસ્મ પહેલા બેજાન હતું. મૈયેત હતું, ઠંડુ હતું, કમ્ઝોર હતું પછી તેમાં એક એવી ચીઝ અલ્લાહ તરફથી દાખિલ થઈ, તેમાં રહેવા લાગી, જિસ્મને તેનું ઘર બનાવી લીધું કે, જેથી જિસ્મમાં જાન આવી, ઝિંદગી આવી, હરારત આવી અને તાકતવર બનું. આ ચીઝ નફસ છે કે, જે બીજી ચીઝો કરતા ભારી છે, મુમ્તાઝ છે, અનોખી છે. **તમારી નફસ ઇન્સાની નફસ છે.** ઈન્સાન તમામ કરતા બરતર અને બાલા છે. તે જ મુજબ એની નફ્સ છે. તે ઘણી જ નફીસ છે.

આ નફસ અલ્લાહનો અમર લઈને આવે છે. એક મકસદના માતહત આવે છે. એક મંઝિલથી બીજી મંઝિલ તરફ ચઢવા આવે છે. અલ્લાહ તરફથી કોઈ એક હાદીની ખિદમત કરવા આવે છે. આ હાદી તે નફસને સઁવારે છે, શીખાવે છે, સુધારે છે, સાચવે છે અને પછી અલ્લાહતઆલા તરફ તેને સોંપી દે છે. હાદી આ નફસને આમ જ છોડી નથી દેતા, મગર તેના હક્ક મુજબ તેની તરબીયત અને તાઅલીમ કરે છે. જે નફસને તેના હક્કના હાદી મિલા તે જ તેની મંઝિલ તક પહોંચે છે. રાહે નજાતને તય કરે છે. **જે નફસની કિશ્તીને હક્કના કપ્ટાન નથી મિલતા તે તાગૂતી દરીયામાં તૂટી પડે છે.**

હાદીનું કામ જ એ કે, નફસને બરાબર તરાશે અને એક ઉમ્દા શિક્લ આપે. આ તરાશવાનું કામ ઈલ્મે હક્કથી થાય છે. સહી ઈલ્મના સબબ નફસ પાકો સાફ થાય છે અને તે પોતાના જિસ્મ પર શાહી કરે છે. શહેવતોને મારીને ઈબાદતના ઝૈવરથી ઝીનતદાર થાય છે. અગર ખૂબસૂરત જિસ્મ સાથે પાકો સાફ નફસ મિલી જાય તો તે ઈન્સાનનું પછી પૂછવું જ શું ! **સોને પર સુહાગા !** એની શખ્સીયતને ચાર ચાઁદ લાગી જાય છે.

નફસની ખૂબસૂરતી તેના સાથે જોડાયેલા ઈલ્મો અમલ અને હિકમતના ઝૈવરથી બને છે. ઈન્સાનનું જિસ્મ કે જેની ઝાહિરી સૂરત હોય છે, તેના સાથે એના નફસની પણ એક સૂરત બાતિનમાં હોય છે. એના અમલે સાલેહના બલ પર એની સૂરત નૂરાનીદાર બને છે. જે વક્ત ઈન્સાન ગુઝરે છે તો આ નફસ એના અમલ સાથે જોડાઈને એક રૂહાની શિક્લ ઈખ્તિયાર કરે છે. જે જગા પરથી તેનું આવવાનું થયું હોય છે તે જ જગા તરફ તે પલટીને પાછી જાય છે. **યાઅની ઝમાનાના ઇમામની હઝરતમાં મિલી જાય છે.** આ તરહ તે રૂહનો ખૈર અંજામ આવે છે. નહીં તો, તેનો દુનિયાનો ફેરો નકામો જાય છે. તેની નજાત થાતી નથી.

(બકીયહ પેજ નં.૧૪ પર)

**પોતાના નઝદીકથી જેટલી હાજિત હોય તેટલું જમવું.**

## રઝાએ ઈમામે હક્ક : કિસ્ત – ૭

### કિતાબ : તન્બીહુલ ગાફેલીન
### દાઈએ હક્ક : સૈ.હાતિમ મુહીયુદ્દીન સાહેબ (આ.કુ.)

ઈમામે હક્કના હાથમાં હિલ્લો અક્દની લુગામ હોય છે. યાઅની, મુમેનીન વાસ્તે કઇ ચીઝ આમ કરવી, ખુલ્લી કરવી, બતાવી દેવી અને કઇ ચીઝ ખાસ રાખવી, પોશીદા કરવી, મખ્ફી વાત રાખીને સહી વક્તનો ઈન્તેઝાર કરવો. આ આલમે તબીઅતમાં ઈમામે હક્કનો ઈખ્તિયાર અને ફેસલો તમામ કરતા આઅલા અને બરતર હોય છે. આપના સબબ જ શરીઅત તેની અસલી હાલત પર બરકરાર છે અને શીઅયાને હક્ક સિરાતે મુસ્તકીમ પર કાઇમ છે. મુમેનીનની ખૈરો ખૂબી અને ફલાહો બહેબૂદી આપની દોઆઓના સબબ છે. આપની હિદાયતથી જ **મુમેનીન પોતાના હુકૂક અને હુદૂદ સમઝી શકે છે.** મુમેનીનના દિલોંમાં આપની અઝમત અને મકામની માઅરેફતથી ઝમાનામાં દુશ્મનોંની રૂસવાઇ અને ઝિલ્લત છે. આપની વલાયતના ઝીના-દાદર પર, સીડી પર મુમેનીનના દરજા અને મરતબા કઇ તરહ બલંદ થયા છે, તેની આપ હર વક્ત તેઓને યાદ અપાવતા રહે છે.

અબૂ હમઝતુશ્શેમાલી બયાન કરે છે કે, જે વક્ત હું ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના નઝદીક હતો, તો મૈં આપને ફરમાવતા સાંભલા છે કે, ઝાલિમોના અમલો અલ્લાહતઆલા કુબૂલ કરતા નથી. તેઓના અમલમાં શયતાનનો હિસ્સો હોય છે. તેઓ પર ભરોસો ઘણી મોટી ખતા હોય છે. મગર, તેઓના કારગુઝારો અને ખાદિમોમાં હમારા શીઆ-ખોલસા હોય છે. અલ્લાહતઆલાએ એ જબ્બાર હાકિમોના ઝરીએ હમારા મુહિબ્બાનોની રોઝી લખેલી હોય છે. **તો હમારા મુહિબ્બો વાસ્તે આ તરહ કોઇ ઝાલિમના તાબેઅ રહેવું નુકસાનદેહ નથી, તેમાં ઐબ નથી.** મગર, મુહિબ્બો પર લાઝિમ છે કે, તેઓ હમારા હલાલને પોતાના વાસ્તે હલાલ માને અને હમારા હરામને પોતાના વાસ્તે હરામ માને. પોતાની મઝદૂરીના દાએરામાં દીનના દાએરાને શામિલ ના કરે.

અબી બસીર રિવાયત કરે છે કે, ઉલ્યા બિન દરાજે પોતાની મૌતના વક્ત પર મને વસીયત કરીને કહ્યું કે, મને અને ઈબ્ને ગાલિબને મુખ્તાર અસ-સકફીએ આમિલ બનાવીને કોઇ એક જગા પર મોકલા હતા. હમારી મહેનત, કુનેહ અને હુશિયારીથી હમેં મિલીને તે જગા પર ઘણો માલ પૈદા કીધો. હમારા રોઝીના દરબાર ભરાઇ ગયા. કોઇ જઇને મુખ્તાર ને નઝદીક હમારી બદગોઇ કરી આવું. તે પછી મુખ્તારે હમારી કોઇ ખતા બગૈર, હસદના મારે હમને પકડીને કૈદમાં નાંખી દીધા. થોડા જ અરસામાં મુખ્તારને કત્લ કરવામાં આવો અને હમેં કૈદથી રિહા થઇ ગયા.

જે જગા પર હમેં અમાલત કરતા હતા ત્યાં મૈં મારો ઝાતી માલ એક કબીલાના શૈખ પાસે અમાનત તરીકે મુકેલો હતો. જે વક્ત હમેં કૈદમાંથી આઝાદ થયા તો તે માલ માંથી મૈં શાદી કીધી. પછી પણ માલ બાકી રહ્યો અને તે લઈને હું મદીના આવો અને બનૂ હાશિમના ચંદ જવાનોની મુલાકાત કીધી અને મારા મુઆમેલહ બાબત તેઓ સાથે ગુફ્તગૂ કીધી. મગર તેઓ તરફથી મને સુકૂનબખ્શ જવાબ મિલો નહીં અને મારા દિલનો બોજ હલકો થયો નહીં. મને એક જ ઉલઝન સતાવતી હતી કે, હું અહલુલ બૈત (અ.સ.) નો મુહિબ્બ છું, **તો શું આ માલ જે મારા પાસે છે, તે હલાલ તો છે ને ?**

ચંદ અય્યામ બાદ, મૈં મદીનામાં મારા ઈમામ મૌ.મોહંમદુલ બાકિર (અ.સ.) ની મુલાકાતે શરીફહ લીધી. આપના ચહરએ અન્વર પર ફાતિમી શાન નઝર આવતી હતી. હર તરફથી નૂરો બરકતની બારિશ થાતી હતી. મૈં અરઝ કીધી કે, અય મૌલા ! મુખ્તારે મને એક ગામની અમાલત સિપૂર્દ કીધી હતી અને ત્યાંથી મને માલ હાસિલ થયો હતો. તેને મૈં હમદાન કબીલામાં અમાનત તરીકે મુકો હતો જે વક્ત કે, મુખ્તારે મારા ઉપર ઝુલ્મ કરીને મને

(બકીયહ પેજ નં.૧૨ પર)

**હર નવી ચીઝ જમવા પર બિસ્મિલ્લાહ બોલવું.**

## અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૨૯
## અલવી અકીદાઓ - અકીદો - ૪૨

**અકીદો ૪૨ : ઇમામતના મરતબા-દરજા પર નાજાઇઝ કબ્ઝો કરનાર શખ્સ તાગૂત છે, શયતાન છે.**

હમારો અકીદો આ છે કે, મન્સબે ઈમામતને આંચકી લેનાર યા ઈમામના મરતબા પર નાજાઈઝ કબ્ઝો કરનાર, તેને ગઠી પડનાર શખ્સ તાગૂત છે, કુફ્રનો ઠેકેદાર છે, અંધારા તરફ લઈ જાનાર છે. જે કોઈ ઈમામને એની માઅરેફત, કદરો મન્ઝેલત અને મકામે આલીનો ઈન્કાર કરે, કોઈ ગૈરને ઈમામ માની બેસે, હક્કના ઈમામ સાથે દુશ્મની કરે, તો એ શખ્સ તાગૂત છે. કેમકે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તરફથી જે વસીયતો ઈમામને હાસિલ થઈ, તેને માનવામાં તાગૂતે ઈન્કાર કરી દીધો.

હર ઝમાન, હર દૌરમાં આ તાગૂત મૌજૂદ હોય છે કે, જેને ઝાલિમ રઈસ કહેવાય છે. ઝુલ્મો જફા કરનાર તાગી-બાગી શખ્સ રસૂલે હક્કના હુકમથી લહેકી ગયો, તકબ્બુરીમાં આવી ગયો અને ગુમ્રાહ થઈને રાહે હક્કને છોડી દીધી. આ તાગૂત, લોગોના વોટીંગના સબબ યા એની શોહરત-ચાલાકીથી લોગોને પોતાના કરી હમખયાલ બનાવવાના સબબ યા હુકૂમતના નિઝામને ઝૈર હિમાયતના સબબ યા તલવારના ઝોરથી ઈમામ કેમ ના બનો હોય, તે હકીકતમાં ઝાલિમ-જાહિલ શખ્સ છે કે, જે યૌમે કેયામત નદામત કરીને ખુદની ઝાત પર પસતાઈને એના હાથોને દાંતોથી ચાવશે.

આ એ લઈને બેવફા છે કે, જે શયતાનનો સાથી છે અને જેનાથી દૂર રહેવાનું અલ્લાહતઆલાએ ફરમાવું છે. મુતઅજ્જેબાના અંદાઝમાં બયાન છે કે, “લોગોને શું થઈ ગયું છે કે, તેઓ પોતાના ખટલાઓ-ઝઘડાઓ-ફેસલાઓને તાગૂત પાસે લઈ જાય છે, તે હાલમાં કે હમેં તો હુક્મ કીધો હતો કે, **તાગૂતની સોહબત આફત છે અને એનાથી દૂરી રાહત છે.**” આના સબબ જ ઈમાન અને અમલ સલામત છે. અલ્લાહના વલીથી હર લમ્હા ઈકરાર અને તાગૂતથી હર લમ્હા ઈન્કાર જ પૈગામે ઈલાહી છે.

હાસિલે કલામ, બાગી અને ઝાલિમ શખ્સ જે બનાવટી ઈમામ હોવાનો દાઅવો કરે એ ગુમ્રાહીનો સરદાર છે, શયતાનનો મદદગાર છે. કેમકે, આ તાગૂત ઘણા બધા જાહિલ લોગોને એના દોસ્ત બનાવશે અને **એક મોટા મજમાઅને ગુમ્રાહીની ખપ્પરમાં નાંખી દેશે.** એ હક્કના ઈમામ પર હમ્લાઓ કરશે, ગલબો કરશે અને શરીઅતને ચકનાચૂર તહેસ-નહેસ કરવાની નાપાક કોશિશ કરશે.

તાગૂતની ચાલબાઝી જૂઠા બયાનો, રિવાયતો અને હદીસોથી શુરૂ થાય છે. અલ્ફાઝોની જાલમાં અને ઝબાનની મીઠાશમાં સીધા-સાદા લોગોને ભટકાવે છે. હકીકત અને સચ્ચાઈથી દૂર લઈ જાય છે. બનાવટી વાતોના દોરાઓથી બનેલી ચાદર લોગોની આઁખો પર પડદો પાડવા કાફી હોય છે. આનાથી આઁખોમાં નૂર નહીં મગર અંધાપો છાઈ જાય છે. આહિસ્તા-આહિસ્તા હર સાફ-સુથરી ચીઝોમાં શક પૈદા કરાવી દે છે કે, જેથી અમલ-નઝરીયહ-નિય્યતમાં તબ્દીલી અને ફસાદ પૈદા થઈ જાય. આકિલ ઈમાનદાર શખ્સ અગર આ ગુફતગૂ પર બારીકાઈથી નઝર કરશે, તો ઝાહિરી તૌર પર હમેં જે કહી ગયા છે, એવા ઝાલિમ બની બેસેલા ઈમામની સિફત તરત જ એને માઅલૂમ પડશે, જેનાથી બચવું હર મુમિન પર લાઝિમ છે. ☆

---

(પેજ નં. ૧૧ નું બાકી)

કૈદખાનામાં નાંખો હતો. તેમાંથી રિહા થયા બાદ, મૈં તે માલ લઈ લીધો અને શાદી કીધી. હવે તેમાંથી બચેલો માલ મારા નઝદીક છે. અય મૌલા ! શું આ માલ મારા વાસ્તે હલાલ છે કે હરામ ? આપ ઈમામે હક્કે ફરમાવું કે, “ અય ઉલ્યા ! **આ માલ તમારા વાસ્તે હલાલ છે.** તમેં હલાલ તરીકાથી તેને હાસિલ કીધો છે. ભલેને તમેં મુખ્તાર વાસ્તે અમાલત કરતા હતા, મગર આ તમારી ઝાતી મિલ્કીયતમાંથી છે. જે ચાહો તે તમેં આ માલ માંથી કરી શકો છો.” ☆

**થાલ પર બુઝુર્ગ બેસા હોય તો એમને પહેલા જમવા દેવું.**

## હુનૈદી, હિન્દુસ્તાની યા હિન્દુ : કિસ્ત – ૭

હમારૂં દીન હમને સબક તેમજ શીખામણ આપે છે કે, "અય મુમેનીન ! જે મુલ્કની ઝમીનમાં તમેં રહો, જીવો, રોઝીને હાસિલ કરો, કારોબાર કરીને આબાદ થાવો, તરક્કી કરો, શોહરત અને ઈઝઝત કમાવો, શાનદાર મકાનો બનાવો, ખાનદાન-કબીલા સાથે ખુશહાલ-બાસુકૂન ઝિંદગી ગુઝારો, તો તમારા ઉપર તે મુલ્કના બાશિંદગાન-રહેવાસીઓ-સીટીઝન હોવાની હેસીયત થી લાઝિમ છે કે, **તમેં તે મુલ્કના વફાદાર અને મોહબ્બત કરનાર બનીને રહો.** મોહબ્બતે મુલ્ક અને હિફાઝતે વતન, તે ઈમાનનો એક હિસ્સો છે. દીનની તાબેઅદારી સાથે મુલ્ક તરફથી વફાદારી ઝરૂરી છે.

આ કૌલે નબવીમાં ઘણું વઝન છે. તેની એહમીયત હમારી દાઅવતના નિઝામ અને મુમેનીનની તરઝે ઝિંદગીમાં ઘણી છે. ઈબ્તેદાએ દાઅવતથી જે જે મુલ્કોમાં હક્કના સાહેબ મુકીમ રહ્યા યા ગુઝર થયો, તે તે જગાના હાકિમો-બાદશાહો સાથે એમને મોહબ્બત અને તઆવુનનો રાબેતો કાઈમ કીધો. મગર જો હાકિમ દુશ્મને દીને હક્ક હોય, દુનિયાપરસ્ત હોય, હાસિદ હોય, ગદ્દાર હોય યા ગરઝપરસ્ત હોય, તો એના આ ઝાલિમાના રવૈયા સામે હક્કના સાહેબની હુકૂમત સાથે રિશ્તો બરકરાર રાખવાની કોશિશ કામ લાગે નહીં. યા તો આપને સતર ઈખ્તિયાર કરવો પડે યા મખ્સૂસ મુમેનીનને દરમિયાન કારે દાઅવત ચલાવવું પડે યા તે હુકૂમતને છોડીને સહીહો સાલિમ કોઈ બીજી જગા પર હિજરત કરવી પડે યા હાકિમની શરતોને માતહત મુમેનીનના જાનો માલની હિફાઝતને ખાતિર સુલેહ કરવી પડે યા જુર્માનો ભરીને નઝર કૈદ રહેવું પડે યા આખિરકાર જો આપના સાથે મઝબૂત લશ્કર હોય અને વફાદાર મદદગારો હોય તો હાકિમના ઝુલ્મથી છૂટવા જંગ કરવી પડે.

મક્કા, મદીના, કૂફા, સલમીયહ, મહેદીયહ, મિસિર, યમન, સિંધ, હિન્દુસ્તાન યા બીજો કોઈ ઈલાકો હોય, હક્કના સાહેબે દીનનો પરચમ બલંદ રાખવા અને પૈગામે દાઅવત પહોંચાવવા કોઈ ખૌફ રાખા બગૈર તે જગાના હાકિમો-સરદારો યા ગૈર-મઝહબના લોગોને સાથે બહેતર તઅલ્લુકાત રાખવા હર મુમ્કિન તદબીર કીધેલી છે. નબીઓ, વસીઓ, ઈમામો અને આપના દોઆતના હઝારો સાલના મુખ્તલિફ ઝમાનાઓમાં ઉપર ઝિક્ર થયેલા હાલાત પૈશ આવેલા છે અને હક્કના સાહેબે ફરખંદા-પૈશાની અને ઝિંદાદિલીથી તમામ હાલાતનો મુકાબેલો કીધેલો છે. યહાઁ તક કે, **જામે શહાદત પીને દીને હક્કના અરકાનને કાઇમ રાખેલા છે.** હઝારો દોઆતની ઝિંદગી ખિદમતે દાઅવતે હક્ક વાસ્તે વકફ થઈ ચુકી છે અને યૌમે કેયામત તક કુરબાન થાતી રહેશે.

મુલ્કે હિન્દુસ્તાનની ઝિક્ર કરીએ તો અહમદાબાદમાં મુગલીયહ હુકૂમતના દૌરાન હમારા ૨૫ થી ૩૧ તકના દોઆતે મુત્લકીન અલવીયીનએ બેઈન્તેહા તકલીફો બરદાશ્ત કરીને, ઝુલ્મની તલવારોના ઝૈર અને જાનની હલાકતના સાયએ ખૌફમાં દાઅવતે હક્કની હિફાઝત કીધેલી છે. હક્કના મુમેનીનને સાચવેલા છે. **અહમદાબાદની ઝમીન હમારા વાસ્તે નાની કરબલા છે.** દાઅવતે હક્કના આસ્માનના સેંકડો સિતારા તે ઝમીનમાં મદફૂન છે, ફિદાગીરીના લાઅલો ગૌહર બનીને તેની ખાકમાં પોશીદા છે.

કૈદખાનાની અંધારીઓમાં રહીને મુમેનીનને દીનનું નૂર બખ્શી ગયા. દુશ્મનોએ કોઈ રસ્તો બાકી રાખો ન્હોતો કે, જેથી દોઆતે કિરામ અને આપના મદદગારો ઈત્મિનાનથી અરકાને દીનના પાબંદ રહીને ઝિંદગી ગુઝારી શકે. હમારા તહેવારો અને મસ્જિદો પર હાસિદો-બાગીઓની બદ નઝર હતી. **બાહરના દુશ્મનોથી કમ મગર અંદરના દુશ્મનોથી હમને ઝિયાદહ ખતરો હતો** અને તેઓ હમારા વાસ્તે મઝર્રતકુન અને નુકસાનદહ હતા.
(બકીયહ પેજ નં.૧૪ પર)

**પેટ ભરીને જમવાથી પરહૈઝ કરવો.**

(પેજ નં. ૧૩ નું બાકી)

અહમદાબાદમાં હમારા હક્કના દોઆતથી અલગ થયેલા ગિરોહ હમારા ખિલાફ હુકૂમતના રૂશ્વતખોર અમલદારોથી મિલીને હમારા વાસ્તે ચાડી-ચુગલી કરી ઝહેર ઓકતા હતા. હમારી શીઈયત-અલવીયહના ખિલાફ ભડકાવતા હતા.

આ હંગામમાં ૧૦૬૦-૧૦૮૦ હિ. / ૧૬૫૦-૧૬૭૦ ઈ. નો ઝમાન ઈમ્તેહાન, મહેનત, મશક્કત, ઝુલ્મ, કત્લ, જફા, હલાકત, લૂંટ, ગદ્દારી, ખૌફથી ભરેલો હતો. ૩૧ માં દાઈએ મુત્લક સૈયેદના હસન બદરૂદ્દીન સાહેબ (આ.કુ.) એ તે વક્તનો મુગલ હાકિમ ઔરંગઝૈબ અને એના સૂબેદારો અને કારગુઝારો સાથે એવો રાબેતો-રિશ્તો કાઈમ કીધો હતો કે, જેથી મુમેનીન ની હર તરહ સલામતી રહે. આપે આ ઝિક્ર આપના કસીદાઓની કિતાબ દીવાને હસનમાં ફરમાવેલી છે. આપ મૌલા ઝાહિરી તૌર પર નહીં મગર ટાંકામાં ૧૭ સાલ રહીને ઊમૂરે દાઅવત સંભાલતા હતા. અલ્લાહતઆલાએ આપની કલમ માં એ **તાઅસીર, નુદરત, ઝોર અને હક્કાનીયતની સિયાહી** આપી હતી કે, હુકૂમતના લોગો આપની ઈન્સાફ વાસ્તેની નિદા અને શેઅરગોઈથી રોઅબ અને હૈબતમાં આવી ગયા હતા. આપની આ ઈલ્મી જેહાદ અને હુકૂમત સાથેના ખુશ-તઅલ્લુકાતના સબબ આપે સૈયેદના અલી શમ્સુદ્દીન સાહેબ શહીદે આઅઝમ (આ.કુ.) ના કત્લનો કિસાસ લીધો.

અહમદાબાદમાં આપ મૌલાનો, આપના હામીઓ-મદદગારો, જે મુખ્તલિફ મઝહબ સાથે તઅલ્લુક રાખતા હતા, તેઓ સાથે રવાઁદારી અને ઈખ્લાસનો રિશ્તો અને આપના દુશ્મનો-તાગીઓ સાથે, એ લોગોના મકરો ફરૈબ મુજબ આપનો જવાબ, આજ આપની ખાસીયતના સબબ, આપ આપની પૂરી મુદ્દતે દાઅવત યાઅની ૪૩ સાલ તક અહમદાબાદમાં જ રહ્યા અને દુશ્મનોથી આપે પૂરી હિમ્મત અને હોંસલાથી મુકાબેલો કીધો. એ આપ જ મૌલા હતા કે, જેએ ૩૨ માં દાઈ સૈ.જીવાભાઈ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) ને અહમદાબાદ છોડીને વડોદરા વસાવવાની વસીયત કીધી. તે બાદ સૈ.ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) ૧૧૧૦ હિ. માં વડોદરા પધારી ગયા. તે પહેલા હમારાથી અલગ થયેલા તમામ ગિરોહ ૩૧માં દાઈની દાઅવતની મુદ્દત દરમિયાન જ અહમદાબાદ છોડી બીજી જગાઓ પર ચાલા ગયા હતા. ✯

(પેજ નં. ૧૦ નું બાકી)

પૂછવામાં આવું કે, નૈકમાં નૈક અમલ કયો ? તો જવાબ મિલો કે, નમાઝનો અમલ બહેતરમાં બહેતર છે. તે બાદ પૂછવામાં આવું કે, કઈ નમાઝ તમામ કરતા બહેતર છે ? ફરમાવું કે, આલે મોહંમદના ઈમામ (અ.સ.) કે જેના હાથમાં દીને હક્કની સરપરસ્તી હોય, એમના સાથે ઈમામતની નમાઝ તમામ કરતા બહેતર છે. ઈમામે હક્ક સાથેની નમાઝ એમની વલાયત-મીસાક બગૈર કુબૂલ થાતી નથી. લેહાઝા, નમાઝની બરતરી, ઈમામે હક્ક અને મીસાક સાથે વાબિસ્તા છે. આ સબબથી નફસની કમાલીયત ઈમામે હક્કની માઅરેફતથી જ છે. ✯

**બચ્ચાઓને જમવાની અદબોથી આગાહ કરવા.**
**પ્યાલાથી કોઈ ચીઝ પીવી નહીં.**
**જમી રહ્યા બાદ આંગલાને ચાટીને પછી ધોવા.**
**જમતી વક્ત મોબાઈલ યા ટીવી જોવું નહીં.**
**બચેલા જમનને ફેંકવું નહીં મગર કોઈ હાજિતમંદને આપી દેવું.**
**ઈઝન આપીને બીજાને જમવા બોલાવવા તે રસૂલુલ્લાહ બાવાજીની અહમ સુન્નતોમાંથી છે.**
**કોઈ ઉઝ્ર-સબબ બગૈર જમવાના ઈઝનને રદ્દ કરવું નહીં.**
**જમી રહ્યા પછી મૈઝબાન વાસ્તે ભલી દોઆઓ કરવી.**
**માએદતો આલે મોહંમદ (સ.અ.) યાઅની થાલની ઈઝ્ઝતો અઝમત હર હાલમાં કરવી.**

**થાલ પર કોઈની ગીબત કીધા બગૈર જમવું.**

## શહરુલ્લાહિલ મુઅઝ્ઝમના નિકાત

આ મુબારક મહીના તમામ બીજા મહીનાઓના સરદાર છે.

૩૦ અય્યામના રોઝા મુમેનીન-મુમેનાત પર ફરઝ છે.

નિસ્ફિલ્લૈલની નમાઝ તેની રોનક અને રોશની છે.

દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ની હઝરતે આલીયહમાં વાજેબાતની અદાયેગી તેની રૂહ અને હરારત છે.

શહાદતે મૌ.અલી મુશ્કિલકુશા (અ.સ.) તેની અઝમત અને વકાર છે.

ઈબાદતે લયલતુલ કદ્ર તેની રફઅત અને બલંદી છે.

વશ્શૈકની નમાઝો તેની તાકત અને કૂવત છે.

ફરઝોની નમાઝની પાબંદી તેની બહાર અને રંગત છે.

અલ્લાહતઆલાથી અજરો સવાબની ઉમ્મીદ તેનો મકસદ છે.

નેઅમતો પર શુક્રે ખુદા કરવો તેની મંઝિલ છે. ✩


### તિજારત

**Ismat Tinwala (MA, B.Ed.)**

**25 Years** of Proficiency in
Sanskrit, Hindi & Gujarati Subjects.

**8th to 12th (GSEB, CBSE, ICSE)**

A2/103, Ali Chamber-1, 1st Floor, Taiyebi Park, Ajwa Road, Vadodara - 390019.

**Ph.: 09409156524** ✩


**સફરા પર પડેલા જમનના દાનાને લઈ લેવા.**
**થાલમાં પોતાની જગાને બરાબર સાફ કરવી.**
**કોઈના ઉપર ગુસ્સો કીધા બગૈર જમવું.**
**જમતી વક્ત દરમિયાનમાં પાની પીવું નહીં.**
**જમતા હોય ને કોઈ સાઈલ આવે તો એની હાજિતરવાઈ કરવી.**


### તિજારત

**HAATEMI COLLECTION**

**રીદા, જોડી, ડ્રેસ, કોટન દુપટ્ટા, ટી-શર્ટ, સલવાર, મોજા, હેન્ડબેગ, સ્કાફ, નુરી ટોપી, બ્રોચ, પીન, કપડાના પાઉચ, સફરા, જાજમ અને લેડીસ રીલેટેડ આઇટમ્સ ના વેપારી.**

Shop no. 9 Taj Complex,
Ajwa Road, Vadodara - 390019.

**FATEMA B. BHAISAHEB**

**Ph.: 9408786281 / 7990540997** ✩


**જમાઅતના મુમેનીન મુખ્લેસીનને ઈદુલ ફિતર યાઅની ઈદુન્નેઅમત મુબારક થાય. આ તહેનીયત તે બેશુમાર નેઅમતોં જે અલ્લાહતઆલાએ ઈમાનો ઈસ્લામના સાયામાં મુમેનીનને આપેલી છે, તેની શુક્રગુઝારી વાસ્તે છે. અલ્લાહતઆલા સબર, શુક્ર અને યકીનની નેઅમતને હમેશા અહલે ઈમાનમાં બાકી રાખે, આમીન.** ✩

**જમવામાં કોઈ ચીઝ પીવાની હોય તો થાલમાં તમામને મૌકો આપવો.**

## વદાએ શહરે રમઝાનુલ મુઅઝ્ઝમ

અલ્લાહ અલ્લાહ ! અલ-વદાઅ કી રાત ભી ક્યા રાત હે,
દસ્તે કુદરત આજ કી શબ મહેવે અહેસાનાત હે,
ખાલિકે કૌનો મકાઁ મસ્રૂફે ઈન્આમાત હે,
બારિશે રહેમત સે ગોયા મૌસમે બરસાત હે,
અલ-વદાઅ કી રાત હે, યે અલ-વદાઅ કી રાત હે,
આજ સે અય મુમિનોં ઈસ માહ કી બારાત હે.

ગમ-ઝદહ હે હર બશર ઈસ રૂખ્સતે રમઝાન સે,
થા સુકૂને કલ્બ હમકો ઈસ મહે ઝીશાન સે,
પૂછીએ ઈસ કી ફઝીલત સાહેબે ઈમાન સે,
જિસકા દિલ હર દમ લગા રહેતા થા બસ કુરઆન સે,
અલ-વદાઅ કી રાત હે, યે અલ-વદાઅ કી રાત હે,
આજ સે અય મુમિનોં ઈસ માહ કી બારાત હે.

માહે રમઝાઁ કી જુદાઈ મિસ્લે એક નાસૂર હે,
સાહેબે ઈમાન કા ઈસ ગમ સે દિલ રંજૂર હે,
આનાજાના હર બરસ તેરા યહીં દસ્તૂર હે,
તેરા શૈદાઈ તેરી ઉલ્ફત મેં યૂં ચકચૂર હે,
અલ-વદાઅ કી રાત હે, યે અલ-વદાઅ કી રાત હે,
આજ સે અય મુમિનોં ઈસ માહ કી બારાત હે.

સિદક દિલ સે હો ગઈ જિસકો મહે રમઝાઁ કી ચાહ,
દામને રહેમત મેં ઉસકો મિલ ગઈ બેશક પનાહ,
દેખકર અપની ઈબાદત ખુશ હુવા રબ્બુલ હોદા,
બખ્શ દેગા આજ કી શબ રૌઝાદારોં કે ગુનાહ,
અલ-વદાઅ કી રાત હે, યે અલ-વદાઅ કી રાત હે,
આજ સે અય મુમિનોં ઈસ માહ કી બારાત હે.

અશ્ક આઁખો સે રવાઁ હે રૌઝાદારોં કે તમામ,
દૂર થા બસ તેરે હી આને સે શયતાઁ કા મકામ,
અય મુબારક માહ તું તૌહીદ કા હે એક જામ,
પીનેવાલોં પર હે તેરે આતિશે દૌઝખ હરામ,
અલ-વદાઅ કી રાત હે, યે અલ-વદાઅ કી રાત હે,
આજ સે અય મુમિનોં ઈસ માહ કી બારાત હે.

સાલ ભર તક દિલ હી દિલ મેં આહ યૂઁ ખીચેંગે હમ,
દિન ગુઝરતે જા રહેં હૈં, હો રહી હે ઉમ્ર કમ,
અય મુબારક માહ જા કરતા હુવા હમ પર કરમ,
ગર રહે ઝિંદા તો હુક્મે રબ સે મિલ બેઠેંગે હમ,
અલ-વદાઅ કી રાત હે, યે અલ-વદાઅ કી રાત હે,
આજ સે અય મુમિનોં ઈસ માહ કી બારાત હે. ✯

**રસૂલુલ્લાહ બાવાજી અને આપની આલે અત્હર પર સલવાત પઢીને અલ-હમ્દો લિલ્લાહ પઢીને જમનને ઈખ્તેતામ કરવું.**

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને **A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman)** કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.